Extra No. 112

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, APRIL 20, 2026 / CHAITRA 30, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સૂંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૬૯/૨૬-.આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચુંટણી તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર હોય, ભારતના ચુંટણી પંચના પત્ર No.464/INST/2008/EPS, તા.૦૫/૧૧/૨૦૦૮ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જે મુજબ મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાનાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે તેમ જણાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મત વિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો નિયત સમયગાળો પૂર્ણ થયા પછી મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહિ તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે, કે જેઓને મતદાર વિભાગ બહારથી લાવવામાં આવ્યા હોઈ અને જેઓ મતદાર વિભાગના મતદારો ના હોય, તેઓ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર પ્રતિકૂળ અસર પડે અને કાયદો અને વ્યવસ્થા જોખમાવાની સંભાવના રહેલી છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ(જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરિક સુરક્ષા સૂંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ તા.૨૧/૦૪/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ થી તી.૨૩/૦૪/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ સુધી આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર કરવા ઉપર.

2) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહિ તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૭૦/૨૬-. આણંદ જીલ્લામાં તા. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પુર્ણ થાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર ધ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(૧) જે તે મતદાન મથકમાં ફકત નીચેની વ્યકિતઓ જ પ્રવેશી શકશે...

- મતદાર
- પોલીંગ ઓફિસર્સ
- ચુંટણી સાથે સંકળાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીશ્રીઓ
- ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિતઓ
- ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એક મતદાર એજન્ટ
- સ્ત્રી મતદારે તેડેલું બાળક
- અંધ, અશકત ઉમેદવારનો સાથી
- આ સિવાયની અન્ય વ્યકિત કે જેને ચૂંટણી અધિકારીશ્રી અથવા પ્રિસાઈડીંગ ઓફિસરે નિયુકત કર્યા હોય તેવી વ્યકિત.

(૨) મતદાન મથકની ૨૦૦ મીટર દુર ઉમેદવાર ધ્વારા ઉભા કરવામાં આવેલા બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહી. કોઈપણ મતદાર કે વ્યકિત મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહી.

(૩) મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશાવ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહી.તથા ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકતિ ચુંટણી પ્રચાર / પ્રસાર કરાવી શકશે નહી.

(૪) મતદાનના દિવસે મતદારોને કોઈપણ વ્યકિત અથવા ઉમેદવારો / ઉમેદવારોના એજન્ટો ધ્વારા મતદારોને લવવા-લઈ જવા કોઈપણ ખાનગી વાહનોનો ઉપયોગ કરી શકશે નહી.

(૫) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રચાર અંગેનું કોઈપણ સાહિત્ય, બેનર, કટઆઉટ, પોસ્ટર રાખી શકશે નહી. તથા રાજકીય પક્ષનું કાર્યાલય શરૂ કરી શકાશે નહી.

વિસ્તાર : આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારના મતદાન મથકો.

અપવાદ :જે તે મતદાન મથકો ઉપર ચૂંટણી ફરજ બજાવવા માટે તેમજ ચૂંટણી સંચાલનની પ્રક્રિયા માટે નીમાયેલ સરકારી કર્મચારી કે અધિકારીશ્રીને આ હુકમથી મુકવામાં આવેલ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૭૧/૨૬-. માન. રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત) સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. જે અન્વયે આણંદ જીલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુત્ર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી તારીખ તા.૨૬/૦૪/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીઓમાં થયેલ મતદાનની મતગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે. ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૬ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જે મુજબ મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાનાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે તેમ જણાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મત વિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો નિયત સમયગાળો પૂર્ણ થયા પછી મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહિ તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે, કે જેઓને મતદાર વિભાગ બહારથી લાવવામાં આવ્યા હોઈ અને જેઓ મતંદાર વિભાગના મતદારો ના હોય, તેઓ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર પ્રતિકૂળ અસર પડે અને કાયદો અને વ્યવસ્થા જોખમાવાની સંભાવના રહેલી છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ તા.૨૪/૦૪/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ સુધી આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર કરવા ઉપર.

2) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.”

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩.-ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહિ તથા કચેરીનો સિકકો કરી આપ્યો

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૭૨/૨૬-.માન. રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજ્યમાં તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાઓ અને નગરે પાલીકાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પુર્ણ થાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ(**G.A.S**), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(૧) મતદાન મથકની ૨૦૦ મીટર દુર ઉમેદવાર ધ્વારા ઉભા કરવામાં આવેલા બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહી. કોઈપણ મતદાર કે વ્યકિત મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહી.

(૨) મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશાવ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહી. તથા ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકતિ ચુંટણી પ્રચાર/પ્રસાર કરાવી શકશે નહી. તથા પ્રચાર અંગેનું કોઈપણ સાહિત્ય, બેનર, કટઆઉટ, પોસ્ટર રાખી શકશે નહી.

(૩) મતદાનના દિવસે મતદારોને કોઈપણ વ્યકિત અથવા ઉમેદવારો / ઉમેદવારોના એજન્ટો ધ્વારા મતદારોને લવવા-લઈ જવા કોઈપણ ખાનગી વાહનોનો ઉપયોગ કરી શકશે નહી.

(૪) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં રાજકીય પક્ષનું કાર્યાલય શરૂ કરી શકાશે નહી.

વિસ્તાર :

આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણીના મતદાન મથકો.

અપવાદ :

જે તે મતદાન મથકો ઉપર ચૂંટણી ફરજ બજાવવા માટે તેમજ ચૂંટણી સંચાલનની પ્રક્રિયા માટે નીમાયેલ સરકારી કર્મચારી કે અધિકારીશ્રીને આ હુકમથી મુકવામાં આવેલ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૭૩/૨૬-.માન. રાજય ચુંટણી આયોગ ધ્વારા રાજ્યમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચૂંટણીઓ તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીની મત ગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે. સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૨) ૧૨૨૦૦૯-ક, તા.૬-૧-૨૦૧૦ થી સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન કેટલાક સ્થાપિત હિતો ધ્વારા ચૂંટણીલક્ષી જોગવાઈઓ તથા આદર્શ આચાર સંહિતાના પરિપાલનમાં અવરોધ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS (SHORT MESSAGES SERVICES (SMSs) વહેતા કરવામાં આવે છે. તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે હેતુથી આવા વાંધાજનક SMS અટકાવવાના હેતુ માટે નીચે જણાવ્યા મુજબના પ્રતિબંધ ફરમાવવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) ભારતના ચૂંટણી પંચ ધ્વારા બહાર પાડવામાં આવેલ આદર્શ આચાર સંહિતા ચૂંટણી ખર્ચ નિયંત્રણ સંબંધી જોગવાઈઓ તેમજ પેટા ચૂંટણીને લગતી કોઈપણ જોગવાઈઓનો ભંગ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS કે Bulk SMS / MMS કોઈપણ ઉમેદવાર / વ્યકિત / રાજકીય પક્ષ કે સંસ્થાએ પ્રસારિત કરવા નહી કે વહેતા મુકવા નહી. (i.e, transmit કરવા નહી)

(૨) ચૂંટણી દૂષિત થાય, તેવા રાજકીય પ્રકારના કોઈપણ પ્રકારના SMSs / Bulk SMS/MMS તા. ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ ચૂંટણી પ્રચાર પૂર્ણ થવાના સમયથી મતદાન પુર્ણ થતાં સુધી transmit કરી શકાશે નહીં.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણીમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

(૪) આ હુકમ તા.૦૭/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૭/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ

નં.પી.ઓ.એલ/૨/જાહેરનામા/એસ.આર./૭૪/૨૬-.આણંદ જીલ્લામાં તા. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પુર્ણ થાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે. અત્રેના તા.૦૮/૦૪/૨૦૨૬ નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૦/૨૦૨૬થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેમાં ક્રમ નં.૩ માં જણાવેલ "મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિતી મોબાઈલ ફોન કે, ઈલેકટ્રોનીકસ માધ્યમથી સંદેશા વ્યવહાર કે, રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહી", તેના બદલે "મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિતી મોબાઈલ ફોન કે, ઈલેકટ્રોનીકસ માધ્યમથી સંદેશા વ્યવહાર કે, રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કરી શકશે નહી" તેટલા પુરતો સુધારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે. અગાઉ અત્રેના તા. ૦૮/૦૪/૨૦૨૬ નં.પીઓએલ/૨/જાહેરનામા/ એસ.આર./૭૦/૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જાહેરનામાંની અન્ય શરતો થથાવત રહેશે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર ધ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ સુધારા હુકમ ફરમાવું છું.

અત્રેના તા.૦૮/૦૪/૨૦૨૬ નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૦/૨૦૨૬થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેમાં ક્રમ નં.૩ માં જણાવેલ 'મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિતી મોબાઈલ ફોન કે, ઈલેકટ્રોનીકસ માધ્યમથી સંદેશા વ્યવહાર કે, રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહી", તેના બદલે "મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિતી મોબાઈલ ફોન કે, ઈલેકટ્રોનીકસ માધ્યમથી સંદેશા વ્યવહાર કે, રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કરી શકશે નહી" તેટલા પુરતો સુધારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે. અગાઉ અત્રેના તા. ૦૮/૦૪/૨૦૨૬ નં.પીઓએલ/૨/જાહેરનામા/ એસ.આર./૭૦/૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જાહેરનામાંની અન્ય શરતો થથાવત રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 15:05:58 IST